# ગાંધીનગર રોટરી ક્લબ દ્વારા એક દિવસનો પ્રવાસ યોજાયો



રોટરી ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા એક દિવસીય પ્રવાસનું આયોજન બાકોર, મહીસાગર ખાતે કરાયું હતું, જેમાં રોટરી પરિવારના સભ્યો ઉત્સાહપૂર્વક જોડાયા હતા. સમગ્ર દિવસ દરમિયાન બાકોર ખાતે પ્રકૃતિની વચ્ચે રહી વિતાવ્યો હતો જેમાં ઐતિહાસિક કલેશ્વરી શિવ મંદિર, પાણીનો ધોધ અને કડાણા ડેમની મુલાકાત કરી હતી. સમગ્ર આયોજન રોટરી પ્રમુખ ડો.ધર્મેન્દ્ર પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.



ગાંધીનગર, તા. ૨૫

કડી સર્વ વિશ્વવિદ્યાલયના ડિપાર્ટમેન્ટ ઓફ ફિઝિકલ એજ્યુકેશન દ્વારા બહેનો માટે કબડ્ડીની ઈન્ટરકૉલેજ સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં યુનિવર્સિટીની ૮ કૉલેજનાં ૯૬ ખેલાડીઓએ ભાગ લીધો હતો.

ફાઈનલ સ્પર્ધામાં ઍમપીસીસી, કડી અને અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર વચ્ચે મૅચ યોજાઈ હતી. શ્રીમતી મધુબેન પોપટલાલ પટેલકૉમર્સ કૉલેજ વિજેતા બની હતી. આ સમગ્ર સ્પર્ધાનું આયોજન અને સંચાલન યુનિવર્સિટીના ફિઝિકલ એજ્યુકેશના ડિરેક્ટર ડૉ. રણછોડ રથવી, પ્રૉ. નૌરીન વૈપન્ના, પ્રૉ. હરેશ વનાર દ્વારા કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાને સફળ બનાવવા માટે ભરત ચાવડા, હર્ષ પટેલ, હર્ષદ ચૌધરી અને રૅફરી તરીકે બી કે પરમાર અને કબડ્ડી ઍસોની ઑફિશિયલ ટીમ, સીફ સિલેક્ટર વિજય વિચારે તથા ઈન્ટરનેશનલ કબડ્ડી ખેલાડીઓએ પોતાની સેવાઓ આપી હતી.

## જન્મદિને વધામણી



ગુંજન વોરા
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૭૯૦ ૨૯૫૧૧




નીતા રાણા
લાયોનેસ ક્લબ



સ્વરા જિજ્ઞેશ રાવલ
મો. ૯૮૯૮૭ ૮૭૫૨૦

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક



કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ઍલડીઆરપી-આઈટીઆર, ગાંધીનગર કૉલેજના સિવિલ ઍન્જિનીયરિંગ ડિપાર્ટમેન્ટના વિદ્યાર્થીઓ માટે ઍસ્પાયરિંગ ઍન્જિનીયર્સ વર્કશૉપનું આયોજન ૨૯ ઑગષ્ટથી કરવામાં આવ્યું છે, જે ૬ ઑક્ટોબર સુધી કાયમ રહેશે.

આ વર્કશૉપ અંતર્ગત નિષ્ણાતોનાં લૅક્ચર્સનું આયોજન પણ કરવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓ દ્વારા બનાવવામાં આવેલા પ્રૉજેક્ટ્સ, મૉડેલ્સ અને ચાર્ટનું ઍક્ઝિબિશન પણ આ પ્રસંગે યોજવામાં આવ્યું છે, જેનો લાભ ઍન્જિનીયરિંગના વિદ્યાર્થીઓ ઉપરાંત ડિપ્લોમા અને સ્કૂલના વિદ્યાર્થીઓએ પણ લીધો છે.

ઍક્ઝિબિશનનું આયોજન તમામ ફૅકલ્ટીઝના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું, જેને આચાર્ય ડૉ. ગાર્ગી રાજપરા અને ડિપાર્ટમૅન્ટના હેડ પ્રૉ. અંકિતા પરીખે બિરદાવ્યું હતું.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળા ખાતે શાંતિકુંજ, હરિદ્વાર દ્વારા ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સ્કૂલના ૫૭૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

### 'આર્ષ' શોધ સંસ્થાન દ્વારા હરિમંદિર, અક્ષરધામ ખાતે

# શનિવારે 'નિષ્કુળાનંદ કાવ્ય-૫ વચનવિધિ' વિષયે પ્રવચન યોજાશે

ગાંધીનગર, તા. ૨૫

આ બ્રહ્માંડના ઉત્પતિ કાળથી જીવ પ્રાણી માત્ર ચોવીસે કલાક સુખ પ્રાપ્ત કરવા માટે વિતાવે છે અને આ બ્રહ્માંડના પ્રલય સુધી તે પ્રવૃતિ વિશેષ ચાલતી રહેશે. સુખ અને દુ:ખ એ માનસિક ભૂમિકા છે જેથી સુખ દુ:ખના તોલ માપ વ્યક્તિ વ્યક્તિએ જુદા છે. આપણે અત્યારે જે સુખ ભોગવીએ છીએ તે સુગર કોટેડ ક્વીનાઈનની ગોળી જેવું દુ:ખ આચ્છાદિત સુખ છે. પરંતુ આપણાં શાસ્ત્રો અને મોટા પુરુષ આપણને સુખની સાચી દિશા બતાવે છે.

પૂર્વના મોટા મોટા દેવો, ઋષિઓ અને ભક્તોને પણ દુ:ખ આવ્યાં અને કલંક લાગ્યાં. આ બધાં દુ:ખોની પાછળનું એક માત્ર ગર્ભિત કારણ - ભગવાન અને મોટા પુરુષનાં વચનનો લોપ. ભગવાન સ્વામિનારાયણ કહે છે: '... જેટલું દુ:ખ થાય છે તે તુચ્છ પદાર્થને અર્થે ભગવાનની આજ્ઞા લોપવે કરીને થાય છે ને જેટલું સુખ થાય છે તે ભગવાનની આજ્ઞા પાળવે કરીને થાય છે.'

ભગવાનની આજ્ઞા તો દુ:ખહરણી અને સુખકરણી હોય છે તો આ વિષય પર બુદ્ધિ, મન, શરીર અને આખા જીવનને સ્વચ્છ અને સ્વસ્થ રાખવા માટે 'આર્ષ' અક્ષરધામ, ગાંધીનગર દ્વારા આર્ષ ત્રૈમાસિક પ્રવચનમાળા અંતર્ગત તા.૨૮/૦૯/૨૦૧૯ને શનિવારે સાંજે ૦૪-૩૦ થી ૦૭-૦૦ કલાક દરમ્યાન અક્ષરધામ હરિમંદિર ખાતે 'નિષ્કુળાનંદ કાવ્ય- ૫ 'વચનવિધિ'' વિષયનું આયોજન કરેલ છે. જેમાં બી.એ.પી.એસ. સારંગપુર મંદિરના 'સંત પ્રશિક્ષણ કેન્દ્રના પ્રાધ્યાપક સંતશ્રી પૂ. નારાયણમુનિદાસ સ્વામીના પ્રવચનનું આયોજન કરવામાં આવેલ છે.

આ પ્રવચનનો લાભ લેવા સૌ ભાવિકોને ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ભવન્સ ઑડિટોરિયમ ખાતે શનિવારે 'લોકનર્તન ઉત્સવ'નું આયોજન

## કલાલમય નર્તન અકાદમી દ્વારા નૃત્યો પ્રસ્તુત થશે

ગાંધીનગર, તા. ૨૫

ભારતીય વિદ્યા ભવન, અમદાવાદ નું સાંસ્કૃતિક એકમ 'ભવન્સ કલ્ચરલ અકાદમી એન્ડ સેંટર ફોર આર્ટસ' અનેક સાંસ્કૃતિક પ્રવૃતિઓનું જાહેર આયોજન કલા અને સંસ્કૃતિનું સંવર્ધન કરવાના એકમાત્ર હેતુ થી કરે છે. ભારતીય સંસ્કૃતિ સાથે સંકળાયેલ તમામ કલા-પ્રકલ્પોને યોગ્ય મંચ પૂરો પાડવો, અનુભવી અને ગૌરવ સમાન કલાકારોને યથોચિત સ્મૃતિ અર્પણ કરવી તેમજ નવા અને ઊગતા કલાકારોને યોગ્ય વાતાવરણ પૂરું પાડવું એ આ સંસ્થાનો મૂળભૂત ધ્યેય છે.

ભારતીય વિદ્યા ભવન અને ઈન્ફોસીસ ફાઉન્ડેશન દ્વારા "આઉટરીચ કલ્ચરલ પોગ્રામ" શ્રેણી અંતર્ગત એક નવતર કાર્યક્રમનું આયોજન "લોકનર્તન ઉત્સવ " શીર્ષક સાથે કલાલયમ નર્તન અકાદમીના સહયોગથી તારીખ ૨૮.૧૦.૨૦૧૯, શનિવાર, સમય સાંજે ૦૮:૦૦ કલાકે ભવન્સ જે. એ. ઓડીટોરીયમમાં યોજવામાં આવેલ છે. અને આ કાર્યક્રમના અતિથી વિશેષ તરીકે બીજલબેન પટેલ (મેયર, અમદાવાદ મ્યુ. કોર્પોરેશન) હાજરી આપશે.

કલાગુરુ રુચા ભટ્ટના નેતૃત્વ હેઠળ કલાલયમ નર્તન અકાદમી કલાસિકલ અને ભારતીય લોકકલા નૃત્યનો પ્રચાર કરે છે અને ભારતીય શાસ્ત્રીય નૃત્ય અને લોકનૃત્ય ના વિવિધ વિભાગોમાં તાલીમ આપે છે.

આ કાર્યક્રમ જાહેર જનતા માટે તદ્દન નિશુલ્ક છે.

# ધર્મનો કોયડો

મૌલાના મજહરુલ હક્ક અને હું એક વખત લંડનમાં ભણતા. ત્યાર બાદ અમે મુંબઈમાં ૧૯૧૫ની મહાસભામાં મળેલા. તે વર્ષે તેઓ મુસ્લિમ લીગના પ્રમુખ હતા. તેમણે જુની ઓળખાણ કાઢી મને પટણા જાઉં ત્યારે તેમને ત્યાં જવાનું આમંત્રણ આપ્યું હતું. આ આમંત્રણને આધારે મેં તેમને ચિઠ્ઠી મોકલી ને મારું કામ જણાવ્યું. તેઓ તુરત પોતાની મોટર લાવ્યા ને મને પોતાને ત્યાં લઈ જવાનો આગ્રહ કર્યો. મેં તેમનો ઉપકાર માન્યો ને મારે જ્યાં જવાનું હતું ત્યા મને પહેલી ટ્રેનથી રવાના કરી દેવાનું કહ્યું. રેલવે ગાઈડથી મને ખબર પડી શકે તેમ નહોતું. તેમણે રાજકુમાર શુક્લ સાથે વાત કરી ને મારે પ્રથમ તો મુઝફ્ફરપુર જવું જોઈએ એમ સૂચવ્યું. તે જ દિવસે સાંજે મુઝફ્ફરપુરની ટ્રેન જતી હતી તેમાં મને તેમણે રવાના કર્યો. મુઝફ્ફરપુરમાં તે વખતે આચાર્ય કુપલાની રહેતા હતા. તેમને હું ઓળખતો હતો. હૈદરાબાદ ગયો ત્યારે તેમના મહાત્યાગની, તેમના જીવનની ને તેમના દ્રવ્યથી ચાલતા આશ્રમની વાત દા. ચોઈથરામને મોઢેથી સાંભળી હતી. તે મુઝફ્ફરપુર કોલેજમાં પ્રોફેસર હતા. તેમાંથી પરવારી બેઠા હતા. મે તેમને તાર કર્યો. મુઝફ્ફરપુર ટ્રેન મધરાતે પહોંચતી હતી. તે પોતાના શિષ્યમંડળને લઈને હાજર થયા હતા. પણ તેમને ઘરબાર નહોતાં. તે અધ્યાપક મલકાનીને ત્યાંની કોલેજના પ્રોફેસર હતા, અને તે વખતના વાતાવરણમાં સરકારી કોલેજના પ્રોફેસરે મને સંઘરવો એ અસાધારણ પગલું ગણાય.

કુપલાનીજીએ બિહારની અને તેમાંય તિરહુત વિભાગની દીન દશાની વાત કરી ને મારા કામની કઠણાઈનો ખ્યાલ આપ્યો. કુપલાનીજીએ બિહારીઓ સાથે ગાઢ સંબંધ બાંધી લીધો હતો. તેમણે મારા કામની વાત તેમને કરી મૂકી હતી. સવારે નાનકડું વકીલમંડળ મારી પાસે આવ્યું. તેમાંની રામનવમીપ્રસાદ મને યાદ રહી ગયા છે.તેમણે પોતાના આગ્રહથી મારું ધ્યાન ખેંચ્યું.

'તમે જે કામ કરવા આવ્યા છો તે આ જગ્યાએથી ન થાય. તમારે તો અમારા જેવાને ત્યાં રહેવું જોઈએ. ગયાબાબું અહીંના જાણીતા વકિલ છે. તેમની વતી હું તેમને ત્યાં ઊતરવાનો આગ્રહ કરું છું. અમે બધા સરકારથી ડરીએ તો છીએ જ. પણ અમારાથી બને તેટલી મદદ અમે તમને દઈશું. રાજકુમાર શુકલની ઘણી વાત સાચી જ છે. દુ:ખ એ છે કે અમારા આગેવાન આજ અહીં નથી. બાબુ બ્રજકિશોરપ્રસાદને અને રાજેન્દ્રપ્રસાદને મે તાર કર્યો છે. બંને અહીં તુરત આવી જશે ને તમને પૂરી માહિતી ને મદદ આપી શકશે. મહેરબાની કરીને તમે ગયાબાબુને ત્યાં ચાલો.'

આ ભાષણથી હું લોભાયો. મને સંઘરવાથી ગયાબાબુની સ્થિતિ કફોડી થાય એવા ભયથી મને સંકોચ હતો. પણ ગયાબાબુએ મને નિશ્ચિત કર્યો.

હું ગયાબાબુને ત્યાં ગયો. તેમણે અને તેમનાં કુટુંબીજનોએ મને પ્રેમથી નવરાવ્યો.

બ્રજકિશોરબાબું દરભંગાથી આવ્યા. રાજેન્દ્રબાબુ પુરીથી આવ્યા. અહીં જોયા તે લખનૌના બ્રજકિશોરપ્રસાદ નહીં. તેમનામાં બિહારીની નમ્રતા, સાદાઈ, ભલમનસાઈ, અસાધારણ શ્રધ્ધા જોઈને મારું હૈયું હષથી ઊભરાઈ ગયું. બિહારી વકીલમંડળનું બ્રજકિશોરબાબુના પ્રત્યેનું માન જોઈ હું સાનંદાશ્ચર્ય પામ્યો. (ક્રમશ:)

150 ગાંધીયાત્રા




સૌજન્ય : સત્યના પ્રયોગો

# વેદનાસભર સંવેદન-સ્મરણ અને અનુભવ કથનનો દસ્તાવેજ

ભાદરવા માસમાં શ્રાદ્ધપક્ષ પિતૃતર્પણ માટે શ્રેષ્ઠ સમય કહેવાય છે. ત્યારે માતા-પિતાના મૃત્યુ પછી વ્યક્તિના જીવનમાં વિચાર જગતમાં ખાલીપો, અધુરપ વર્તાય, ચિત્તમાં ભંડારાયેલી વેદનાશીલ ભાવસૃષ્ટિ એકાએકદ્રવે, ટપકે, ચૂવે ત્યારે સ્મરણદેશના નાયક વિયોગની એ ક્ષણોને સંભારી એમનું ચરિત્ર-ચિત્ર એક છેડેથી ઉઘાડે જેમાં અકબંધ અને અડગ-અક્કડ માતૃ-પિતૃભક્તિની પ્રતીતિ પાને પાને સંવેદન બિંદુમાંથીથાય જે સંવેદનબિંદુની શૃંખલાની માળાને એક સૂત્રમાં પરોવી જે સ્મરણ માળાનું ઘરેણું બને તેવા એક અનોખા પુસ્તકની વાત કરવી છે.

'વિયોગ' લેખક રાહુલ શુક્લ દ્વારા માતાપિતાના વિયોગની વેદનાના નિબંધોનો સંગ્રહ છે, જેને ડૉ. બળવંત જાની જેવા વિદ્વાન સાક્ષરની લાંબા પને લખાયેલ વિગતપ્રચૂર પ્રસ્તાવના પ્રાપ્ત થઈ છે.




રાહુલ શુક્લે વિયોગમાં ૪૫ પ્રકરણો આલેખ્યાં છે. જેમાં મનોસૃષ્ટિ નિરુપાઈ છે. મનમાં ઉઠતી પીડાના વેદનાશીલ વમળોમાંથી જાતભાતનાં સ્મરણો ટપકે છે. આ નિરુપણની રીત એમની આગવી રચના કળાની પરિચાયક છે. સ્મરણ કથનનું સંવેદન વિશ્વ પણ ઓછું લાગણીવાળું કે સાવ સામાન્ય નથી. એમાંથી ભારે હૃદયસ્પર્શી પ્રસંગોનો પરિચય પ્રાપ્ત થાય છે. વિયોગના આલેખક વાર્તાકાર છે. સાહિત્યના આસ્વાદક છે અને થોડાઘણા અર્થમાં સભાન પણછે. એટલે પોતે જ આ વિયોગ શિર્ષક હેઠળ લખાયેલા લખાણને માતાપિતાના વિયોગની વેદનાના નિબંધોનો સંગ્રહ એવું પેટા શિર્ષક પણ આપ્યું છે. પોતાની અનુભૂતિ કથાને - સંવેદનશીલ પ્રત્યાઘાતને શબ્દબદ્ધ કરીને ભાવકો સમક્ષ સંક્રમિત કરવાની સ્પૃહા પોતાની રીતે પૂર્ણ કરી છે. સ્મરણ કથાનું માળખું પોતાની રીતે ઘડ્યું છે. માતા-પિતામાંથી પણ બહુધા તો પિતા જ કેન્દ્રસ્થાને છે. ગાંધીવિચારથી અનુપ્રણિત પિતાનું ચરિત્ર અહીં ઊઘડે છે. એમની સાદગી, સામાન્ય ગણાતા છેવાડાના માનવીની ખેવના, એમના પરત્વેની અપાર સહાનુભૂતિ અને નખશિખ પ્રામાણિક પત્રકારનું વ્યક્તિત્વ અહીં ખુલે છે. તો માતાનું અથાણાં, રસોઈ કૌશલ્ય, સમાજ કલ્યાણ અધ્યક્ષા, અમીર પિતાની અમીર પુત્રી, નારી સેવા પ્રવૃત્તિઓને વરેલું માતાનું શીલભદ્ર વ્યક્તિત્વ અહીં ઊઘડે છે. આવાં પ્રભાવક માતા-પિતાના નિધન પછી જાગૃત અવસ્થામાં મનમાં ઉઠતા ભાવો અને ઉંઘમાં આવતાં સ્વપ્નો પણ અહીં આલેખાયાં છે.

દુખના-વિયોગના અનુભવો, પીડા-વલવલાટનો ભાવ અને ચિત્તમાં સળવળી ઉઠતા સંસ્મરણો, સ્વપ્નો શબ્દબદ્ધ કરવાની ઈપ્સાનું પરિણામ વિયોગ સ્મરણ કથા-અનુભૂતિ-ભાવકથા છે. રસબોધ અને સૌંદર્યબોધનો અનુભવ કરાવતું રસળતું-સરળ ગદ્ય પણ કેટલું અસરકારક હોઈ શકે એનો અનુભવ પણ અહીં થાય છે.

આ સ્મૃતિકથા એક બુદ્ધિજીવી, વિદેશનિવાસી, સફળ ઉદ્યોગપતિની છે. શૂન્યમાંથી કરોડોની સંપત્તિનું સર્જન કરનાર, વિદેશમાં પણ અનેક લોકોની શ્રદ્ધાનું સર્જન કરનાર સફળ વ્યક્તિત્વ દ્વારા આલેખાયેલી છે. પણ હકીકતે એક પુત્રમાં, ચાલીસ વર્ષ સુધી વિદેશમાં વસવાટ છતાં ભારતીય સંસ્કારો-જીવનમૂલ્યો કેવાં અકબંધ જળવાઈ રહ્યાં છે એની પ્રતીતિ કરાવતો આ દસ્તાવેજ છે. ભારતીય સંસ્કૃતિનો રંગ એવો પાકો છે એ ઝાંખો પડતો નથી. પાશ્ચાત્ય સભ્યતા, રહેણી-કરણીના પ્રભાવ પછી, રંગો ઝીલ્યા પછી પણ મૂળ રંગનું તેજ, ઝાંય આપણને આંજી દેતી નતી. પણ આપણામાં શ્રદ્ધા પ્રેરે છે. અહીં સ્મરણ કથનની સમાંતરે સ્વપ્ર કથન પણ આલેખેલ છે. આવાં ૨૦ સ્વપ્નો સ્વપ્રકથન રૂપે મળે છે. ઓગણીસમા પ્રકરણમાં સ્વપ્ર કથનની સમાંતરે સ્મરણ કથન અને અનુભવ કથન પણ સમાવિષ્ટ કર્યું છે. પ્રારંભના ત્રણ પ્રકરણો પ્રાસ્તાવિક ભૂમિકારૂપ છે.

તે ઉપરાંત પુસ્તકમાં મૂકવામાં આવેલ પિતાએ દોરેલાં ચિત્રો, પિતાના ફોટોગ્રાફ્સ, 'હવે હું નથી' શ્રદ્ધાંજલી સ્પિચ, ચાર ભાગ આ ગ્રંથનો અંશ જ છે. પિતાએ દોરેલાં ચિત્રો પણ ભારે પ્રતીકાત્મક છે. રંગનું સંયોજન, સ્રીનું મુખ અને માનું પેન્સિલ ચિત્ર તથા દરવાજામાંથી દેખાતું ગામ-ધૂંધણા-ધૂંધણા માનવ જીવનનું દ્યોતક છે.

પત્રકાર પિતાના સાપ્તાહિક સમયના અંકોની તસવીરો, પિતાશ્રી, માતુશ્રીના જુદા જુદા મૂડના વિવિધ ફોટોગ્રાફ્સ, ઈન્દિરાજી, કેશુભાઈ પટેલ, નરેન્દ્ર મોદી, ઉમાશંકર જોશી, મોરારિબાપુ, મધુ રાય, શાહબુદ્દીન રાઠોડ અને પરિવારજનો આદિ સાથેની ભાનુભાઈની તસવીરોમાંથી એમનું વ્યાપક વિશાળ ફલકનું પરિચય જગત પ્રગટ થાય છે.

ખાલીપો કેવો કારમો અનુભવ કરાવે છે એની પરિચાયક સ્મૃતિકથા વિયોગ એમાંની તીવ્ર અખૂટ-અચલ શ્રદ્ધા અને આજ્ઞાંકિતપણાના ભાવોના હૃદયસ્પર્શી આલેખનને કારણે સ્મરણીય બની છે. નર્યું હકિકતનિષ્ઠ ગદ્ય પણ એમાંના ઋજુ મનોભાવોને કારણે, સંવેદનપટુ વિષય સામગ્રીને કારણે આસ્વાદ્ય અને રસાનુભવ કરાવનારું બની રહ્યું છે.

વિયોગના લેખક રાહુલ શુક્લ એકમાત્ર ઉદ્યોગપતિ તરીકે જ નહિ, પણ ગુજરાતી વાર્તાકાર તરીકે અને સુંદર વક્તા તરીકે ન્યૂ જર્સીમાં જાણીતા છે. ઘણા અમેરિકન છાપાંના લેખોમાં બિઝનેસમેન વિથ હાર્ટ તરીકે ઓળખાવવામાં આવે છે. તેમાં પણ મુખ્ય વાત એ છે કે સુરેન્દ્રનગરના સમય સાપ્તાહિકના તંત્રી સ્વ. ભાનુભાઈ શુક્લના પુત્ર છે. લેખક એક ઈજનેર અને ઉદ્યોગપતિ હોવા સાથે કોમ્પ્યુટર, નવી ટેકનોલોજી, ફોટોગ્રાફી અને જૂની ફિલ્મોની માહિતીના ખૂબ શોખીન છે. તેમની કંપની એસ એ વ્હાઈટ ટેકનોલોજીસ ફ્લેક્સિબલ શાફ્ટ માટે દુનિયાભરમાં પ્રથમ કંપની ગણાય છે. દુનિયાના ૯૮ ટકા એરોપ્લેનમાં ઓછામાં ઓછી એક એસ એસ વ્હાઈટની પ્રોડક્ટ હોય છે. એની સબસિડીયરી શુક્લ મેડીકલ તે ઓર્થોપેડિક ઈમ્પ્લાન્ટ બહાર કાઢવા માટે દુનિયાની મોખરાની કંપની ગણાય છે.

વિયોગ પુસ્તક દ્વારા માતા-પિતાના ઉપયોગની વેદનાને વાચા આપતા તેમના આ નિબંધ સંગ્રહ માટે લેખકને અભિનંદન પાઠવું છું અને પુસ્તકને આવકારું છું.

વિયોગ (નિબંધસંગ્રહ)
લેખક - રાહુલ શુક્લ
પ્રકાશક - પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ
કિંમત - રૂા. ૬૦૦, પ્રથમ આવૃત્તિ-૨૦૧૬